# સંશોધન નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી

**આણંદ - ૩૮૮ ૧૧૦**

---

# પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના દરેક યુનિટ/સબ યુનિટના વડા તથા સંશોધનના કાર્ય સાથે સંકળાયેલ સર્વે વૈજ્ઞાનિકોને જણાવવાનું કે જુદા જુદા વિષયની એગ્રેસ્કો મીટીંગ આગામી ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૬ દરમ્યાન યોજાનાર છે. સદર એગ્રેસ્કો મીટીંગમાં નવા ટેકનીકલ પ્રોગ્રામ અને સંશોધન આધારીત તૈયાર થયેલ ભલામણો અંગે ચર્ચા થવાની છે. નવા ટેકનીકલ પ્રોગ્રામ અને રીપોર્ટ તૈયાર કરતી વખતે કેટલાક મુદ્દાઓ/માર્ગદર્શિકા (ગાઇડલાઇન) તરીકે તૈયાર કરેલ છે જે આ સાથે સંકળાયેલ સબંધિત યુનિટ/સબ યુનિટના વડાઓ તથા વૈજ્ઞાનિકોને તેનો અમલ કરવા જણાવવામાં આવે છે.

જા.નં. આકૃયુ/સં.નિ./ટી-૩/ ૮૮૩૧ /૨૦૨૬
તા. : ૨૭/૦૧/૨૦૨૬

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના :</u>

૧. માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
૨. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી કરવા સારૂ

# <u>૧. નવા ટેકનીકલ પ્રોગ્રામ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ</u>

૧. નવા ટેકનીકલ પોગ્રામ/અખતરા મૂકતા પહેલા સબંધિત વૈજ્ઞાનિકશ્રીએ જે તે ક્ષેત્રે થયેલ સંશોધનની છેલ્લામાં છેલ્લી માહિતી એકત્ર કરવી અને થયેલ કામગીરીના રેફરન્સ આપવા.

૨. ખાસ કરીને નવા અખતરાઓ કે જેમાં ગુણવત્તાને લગતુ પૃથ્થકરણ કરવાનું હોય તેવી કામગીરી માટે જે તે વિભાગનો અગાઉથી સંપર્ક કરવો અને જરૂર જણાય તો આવી કામગીરી માટે સહભાગી (કોલેબોરેટીવ) રીતે અખતરાનું આયોજન કરવું. જેથી કરીને જે તે વિભાગના ઉપલબ્ધ આધુનિક સાધનોનો મહત્તમ ઉપયોગ થઇ શકે અને તેના થકી મળનારા નવા પરિણામો ભલામણના રૂપમાં ઉપલબ્ધ કરી શકાય. જે વિભાગમાં આવા આધુનિક સાધનો ઉપલબ્ધ છે તેઓએ અન્ય વિભાગને જરૂરી કામગીરી માટે પુરતો સહકાર આપવાનો રહેશે.

૩. જે નવા અખતરાઓ મૂકવામાં આવે તે નવા ઉપસ્થિત થયેલ પ્રશ્નો, નવીન તાંત્રીકતાની જરૂરીયાતો અને કૃષિ વિસ્તરણ કાર્યકરોના ફીડબેકને આધારે મૂકવા.

૪. નવા અખતરાઓ માટેની જે કંઇ માવજત (ટ્રીટમેન્ટ) નકકી કરવામાં આવે તે શકય તેટલી સમજવામાં સરળ અને ભલામણ વખતે ખેડૂતો સહેલાઇથી સમજી શકે તેવી હોય તે હિતાવહ છે.

૫. જે તે વિભાગ/કચેરી/કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મદદનીશ પ્રાધ્યાપક/મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક તથા તેની ઉપરની કક્ષાએ ફરજ બજાવતા દરેક વૈજ્ઞાનિકે/શિક્ષકે ઓછામાં ઓછો એક અખતરો/પ્રોજેકટ લેવો ફરજીયાત છે.

૬. નવા ટેકનીકલ પોગ્રામ સબંધિત એગ્રેસ્કોની સબકમીટીમાં મંજુર કરવામાં આવે છે. સંજોગોવસાત કોઇ અખતરો બંધ કરવાની જરૂરીયાત ઉભી થાય તો સબંધિત એગ્રેસ્કો સબકમીટીમાં તે અંગેના સ્પષ્ટ કારણો રજુ કરી એગ્રેસ્કો સબકમીટીની ભલામણ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૭. અનુસ્નાતક કક્ષાના વિધાર્થીઓના અખતરા પૂર્વ મંજુરી સિવાય એગ્રેસ્કો સબ-કમીટીમાં મૂકવા નહિ. જે કિસ્સામાં આવા અખતરા લેવાના થતા હોય તો સંશોધન પરિષદના જાહેરનામાં ક્રમાંક AAU/DR/T-3/2807/2012 dated: 30/06/2012 મુજબ તેનો અમલ કરવો (નકલ સામેલ છે).

૮. અખતરાની કામગીરીમાં જે વૈજ્ઞાનિકો ખરેખર સામેલ હોય અને સક્રિયપણે કામગીરી કરવાના હોય તેમના (શક્ય હોય ત્યાં સુધી ૨ વૈજ્ઞાનિકોના) જ નામ રાખવા. દરેક અખતરામાં વિભાગીય વડાનું નામ હોવું જ જોઇએ તેવો આગ્રહ રાખવો યોગ્ય નથી.

૯. નવો ટેકનીકલ પ્રોગ્રામ સબંધિત એગ્રેસ્કો સબ-કમીટીમાં રજુ કરતા પહેલા ઉપયોગમાં લેવામાં આવનાર ડીઝાઇન, માવજતની સંખ્યા, રેપ્લીકેશન વગેરે બાબતો પ્રાધ્યાપક અને વડાશ્રી આંકડાશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ સાથે પરામર્શ કરી ત્યાર પછી જ એગ્રેસ્કોમાં રજુ કરવા.

૧૦. ગુજરાત સરકારે હાલમાં પ્રાકૃતિક કૃષિ પોલીસી અપનાવેલ છે ત્યારે સબંધિત વિભાગ ધ્વારા પ્રાકૃતિક ખેતીને અનુરૂપ ભલામણો તૈયાર થાય તે રીતે નવા ટેકનીકલ પ્રોગ્રામ મૂકવા. શકય હોય ત્યાં બે કે ત્રણ વિભાગ સાથે કોલોબોરેટીવ પ્રોગ્રામ તૈયાર કરવો જેથી જુદી જુદી તાંત્રીકતાઓને પેકેજના રૂપમાં ભલામણ થઇ શકે.

૧૧. શાકભાજી અને ફળપાકોમાં પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી ખાસ કરીને ફળોનું પરીક્ષણ (પ્રીઝર્વેશન), મૂલ્યવર્ધન અને પેકેજીંગ અંગેના સંશોધન પર નવા અખતરાઓના આયોજન ઉપર ભાર મૂકવો.

૧૨. ગુજરાતના હવામાનને ધ્યાનમાં રાખી ગ્રીનહાઉસ/નેટહાઉસમાં કયા પાકોનું ધરૂ ઉછેર થઇ શકે, કયા પાકોની ખેતી ખેડૂતોને પોષાય તેમ છે અને કયા પાકો ગ્રીનહાઉસ/નેટહાઉસ માટે યોગ્ય નથી તેની સંશોધન આધારીત ભલામણો થાય તે જરૂરી છે.

૧૩. કૃષિ યુનિવર્સિટી ધ્વારા કૃષિ સબંધી ઘણી તાંત્રિકતાઓ તથા પાકોની નવી જાતોની ભલામણ કરવામાં આવેલ છે. કેટલાક યંત્રો વિકસાવેલ છે અને ઇન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલ લોકોને તેના ઉપયોગ બાબતે જણાવેલ છે. આવા કિસ્સામાં વિકસાવેલ તાંત્રિકતા/સાધનોના વપરાશ અંગેનો ફીડબેક જાણવા ઇમ્પેકટ સ્ટડી કરવાની ખાસ જરૂરીયાત છે. સોસીયલ સાયન્સ વિષય સાથે સંકળાયેલા સબંધિત વૈજ્ઞાનિકોએ આ ક્ષેત્રે નવા ટેકનીકલ પોગ્રામ તૈયાર કરવા.

૧૪. ગુજરાતમાં ખાસ કરીને મધ્ય ગુજરાત વિસ્તારમાં જે ઔષધિય પાકોની માંગ વધુ હોય અને ખેડૂતો તેની ખેતી કરતા હોય તેવા પાકોની ખેતી-પધ્ધતિ અંગે નવા ટેકનીકલ પ્રોગ્રામ તૈયાર કરવા.

૧૫. જુદા જુદા પાકોમાં ગુણવત્તા સભર વધુ ઉત્પાદન આપતી અને ફાર્મ મીકેનાઇઝેશન થઇ શકે તેવી જાતો બાબતે સંશોધન હાથ ધરવુ.

૧૬. શક્ય હોય ત્યાં વૈજ્ઞાનિકોએ ઉપભોકતાઓ અને ઇન્ડસ્ટ્રીયાલીસ્ટ સાથે ચર્ચા કરી જરૂરીયાત આધારિત સંશોધનો હાથ ધરવા.

૧૭. નાના અને સીમાંત ખેડૂત માટે ફાર્મ મીકેનાઇઝેશન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી નવા અખતરા ગોઠવવા.

૧૮. તમાકુના વૈકલ્પિક ઉપયોગ બાબતે સંશોધન હાથ ધરવું.

૧૯. પિયત માટે ડ્રીપ તથા માઇક્રો ઇરીગેશન સીસ્ટમનો વ્યાપ વધે તે માટેના નવા અખતરાઓનું આયોજન કરવું.

૨૦. વાતાવરણના ફેરફારને અનુરૂપ પાક પધ્ધતિ, પિયત પધ્ધતિ, વિવિધ પાકની જાતો વિકસાવી ગુણવત્તાસભર ઉત્પાદન થાય તે બાબતે સંશોધન હાથ ધરવું.

૨૧. જુદા જુદા રસાયણો/જંતુનાશકો સામે કિટકોની પ્રતિકારક શક્તિ, મધમાખી ઉપર અસર અને ખેતી પાકોમાં નુકસાન કારક પ્રાણીઓ બાબતે સંશોધન હાથ ધરવું.

૨૨. વ્યાપારિક ધોરણે ખેતીનો વિસ્તાર થાય તે માટે એકબીજા વિભાગ સાથે સંકલન કરી ખેડૂત ઉપયોગી સંકલિત નવા સંશોધન પ્રોજેકટ બનાવવા.

૨૩. ખેડૂત સમુદાયને મદદ થઇ શકે અને સરકારશ્રીને પણ ભવિષ્યમાં ઉપયોગી થઇ શકે તેવા પ્રોજેકટનો અભ્યાસ હાથ ધરવો.

૨૪. બીજ મસાલાના પાકોમાં નવી જાતો તૈયાર કરવા માટેની સંશોધનની કામગીરી હાથ ધરવી.

૨૫. ખેડૂતોની આવક બમણી થાય તે માટે સેન્સર બેઝ્ડ ચોક્કસાઇવાળી ટેકનોલોજીનો જુદા જુદા ક્ષેત્રોમાં ઉપયોગ કરી સંશોધન હાથ ધરવું.

૨૬. અત્રેની કચેરી દ્વારા એગ્રેસ્કો મીટીંગ અગાઉ આયોજીત કરેલ બ્રેઇન સ્ટોર્મીંગ સેસનમાં થયેલ સુચનો મુજબ નવા તાંત્રીક કાર્યક્રમો ગોઠવવા. વિભાગ/કેન્દ્ર ખાતે ચાલતી પ્લાન/નોનપ્લાન યોજનાઓમાં નિયત થયેલ હેતુઓ મુજબ અચુક નવા તાંત્રિક કાર્યક્રમો ગોઠવવા.

## ૨. એગ્રેસ્કો રીપોર્ટ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ

૧. પ્રયોગશાળામાં, કૂંડામાં (પોટ કલ્ચર) તેમજ નિયંત્રિત પરિસ્થિતિ (કન્ફાઇન્ડ કન્ડીશન)માં લેવામાં આવેલ અખતરાઓના બે વર્ષ પુરા થઇ ગયેલ હોય તેના આંકડા પુલ્ડ કરી આંકડાશાસ્ત્રીને બતાવી ભલામણના રૂપમાં રજુ કરવા અથવા તો તે અખતરાને સમાપ્ત (CONCLUDE) કરવો.

૨. જે અખતરાઓના બે વર્ષ / બે ઋતુ કે બે વખત લેવામાં આવેલ હોય અને તેના પરિણામો કન્સીસ્ટન્ટ જોવા મળે તો તેનું પુલ્ડ એનાલીસીસ કરીને જે તે વિભાગ/યુનિટ કક્ષાએ તેમજ આંકડાશાસ્ત્રીની સાથે ચર્ચા કરીને ભલામણના રૂપમાં લાવવાના રહેશે.

૩. એગ્રેસ્કો રીપોર્ટ સબંધિત સબકમિટીના સભ્યોને ઓછામાં ઓછા એક અઠવાડીયા પહેલા મળી જાય તે રીતે મોકલી આપવો.

૪. દરેક અખતરા/યોજનાના અમલીકરણ અને તેના પરિણામો તૈયાર કરી જે તે વિષયોના વૈજ્ઞાનિકો ધ્વારા તૈયાર કરેલ રીપોર્ટની પુરતી ચકાસણી કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે વિભાગીય વડા / યુનિટ વડાની રહેશે. જેથી તેઓએ તેના વિભાગના વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરેલ બધાજ વિષયોના રીપોર્ટ તૈયાર કરીને તેને બરાબર ચકાસણી કર્યા બાદ જ મોકલવા.

૫. અખતરાના પરિણામોને આધારે જયારે ભલામણ કરવામાં આવે ત્યારે સબંધિત ભલામણોને અનુરૂપ સારા ફોટોગ્રાફ અવશ્ય મૂકવા.

૬. એગ્રેસ્કો રીપોર્ટમાં દર્શાવવામાં આવતા આંકડા બે દશાંશ સુધી રાખવા. ઉત્પાદનના આંકડા બે દશાંશમાં ન મૂકતા પૂર્ણ આંકડા (રાઉન્ડઅપ કરી) માં રજુ કરવા.

૭. રીપોર્ટમાં પરિણામો રજુ કરતી વખતે આંકડાકીય અર્થઘટનને પ્રાધાન્યતા આપવી.

૮. નવા અખતરામાં આપના હસ્તકના બજેટ સદરનું નામ અવશ્ય લખવું જેથી જે તે યોજનાના હેતુઓ મુજબ આઉટકમમાં ભવિષ્યમાં ઉપયોગી થઇ શકે.

## ૩. કેટલીક સામાન્ય સૂચનાઓ

૧. એગ્રેસ્કો રીપોર્ટ કે નવો ટેકનીકલ પોગ્રામ જ્યારે પાવર પોઇન્ટથી પ્રેઝન્ટ કરવામાં આવે ત્યારે વધારે પડતા કલર કોમ્બીનેશનનો ઉપયોગ ન કરતા શકય હોય ત્યાં કાળા, લાલ, લીલો કે ભૂરા રંગનો જ ઉપયોગ કરવો. સ્લાઇડનું બેક ગ્રાઉન્ડ સફેદ રંગનું જ રાખવું. પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનમાં સ્લાઇડ એનીમેશન/ટ્રાન્સમીશનનો ઉપયોગ નિવારવો. યોગ્ય ફોન્ટ સાઇઝ રાખવી જેથી દરેક સહેલાઇથી વાંચી શકે.

૨. ફાર્મ ખાતે ગોઠવવામાં આવતા અખતરામાં પુરતા પ્રમાણમાં છોડની સંખ્યા (પ્લાન્ટ સ્ટેન્ડ) હોવી જોઇએ. જો છોડની સંખ્યા રેપ્લીકેશનમાં વધઘટ હોય તો તે માટે આંકડાશાસ્ત્રીનો સંપર્ક કરીને તેનું એનાલીસ કરવું અને આવા અખતરાને તેઓની સલાહ મુજબ સફળ કે નિષ્ફળ જાહેર કરવા.

૩. જે ભલામણ રજુ કરવામાં આવે તેનો ફોટો કન્ટ્રોલ સાથે ફરજીયાત મુકવાનો રહેશે.

૪. એગ્રેસ્કો રીપોર્ટમાં સંશોધન ભલામણો/વેરાઇટી પ્રપોઝલમાં સશોધનકર્તા અને સહ સંશોધનકર્તાનું નામ, હોદ્દો, વિભાગ વગેરે સંપૂર્ણ વિગતો ભરવી, જેથી જે તે સંશોધન માટે પ્રમાણપત્ર બનાવતી વખતે થતી મુશ્કેલી નિવારી શકાય.

૫. દરેક યુનિટ/સબ યુનિટના વડાઓએ જે તે સબકમીટીના લીસ્ટમાં સામેલ જે તે કેન્દ્ર/વિભાગ મુજબ રીપોર્ટની એક એક હાર્ડ કોપી તેમજ સંશોધન નિયામકશ્રીની કચેરી ખાતે રીપોર્ટની બે હાર્ડ કોપી આપવાની રહેશે. જે તે સબકમીટીના સભ્યોને સબંધિત કન્વીનરશ્રી દ્વારા ઇમેઇલ / વોટ્સએપ મારફતે રીપોર્ટની સોફ્ટ કોપી અવશ્ય મોકલી આપવાની રહેશે.

***

**Research work of PG**

# ANAND AGRICULTURAL UNIVERSITY

**ANAND – 388 110**

**Read:** Minutes of 5th Meeting of Agricultural Research Council held on Dated: 30.05.2012 vide item No.5.10

## NOTIFICATION

It is hereby notified to all concerned that the 5th Meeting of Agricultural Research Council held on 30.05.2012 vide item No. 5.10 has resolved as under:

"It is resolved that P.G. Research work can be allowed for presentation in AGRESCO and drawing recommendations only if,

1. Prior approval of AGRESCO sub-committee is obtained before conducting the research work.
2. After completion of P.G. research, it is further continued for 1 or 2 years as departmental research with the permission of AGRESCO sub-committee.

NO. AAU / DR / T-3 / 2807 / 2012
Date: 29.06.2012 (30)

**DIRECTOR OF RESEARCH &**
**DEAN P.G.STUDIES**

***Copy F.W.Cs. to;***

1. All Members of Research Council of this University.
2. All Officers of this University.
3. All Deans / Associate Deans of this University.
4. Unit / Sub Unit Officers of this University.
5. Conveners of AGRESCO Sub-committee, AAU, Anand

***Copy to;***

1. PS to Vice-Chancellor, Anand Agricultural University, Anand
2. All Branches of this Section.
3. S.O. File.